બાળ સદ્બોધ રત્ન.

હિરાલાલ વિ૦ રાવળ.

AN INSTRUCTIVE JEWEL

FOR

CHILDREN

PREPARED FROM MARATHI

BY

HIRALAL VIDYARAM RAVAL,

(Delegate Social Conference).

Lunawada.

First Edition

Samvat 1959. A. D. 1903.

Price two annas.

બાળ સદ્‌બોધ રત્ન.

(મરાઠી ઉપરથી)

કર્ત્તા.

હિરાલાલ વિદ્યારામ રાવળ.
(પ્રતિનિધિ સોસ્યલ કૉન્ફરન્સ),
લુણાવાડા–રેવાકાંઠા.

(દોહરો).

પિતા પુનિત ગુરુતુલ્યને, પિતારૂપ પરમેશ ;
એવું જાણી પ્રેમથી, સેવે સપુત હમેશ.

અમદાવાદ.

અમદાવાદ યુનાઇટેડ પ્રિંટિંગ અને જનરલ
એજન્સી કંપની "લિમિટેડ" પ્રેસ.

સંવત્. ૧૯૫૯. ઈ. સ. ૧૯૦૩.

કિમ્મત બે આના.

પ્રસ્તાવના.

કોમળ વયનાં બાળકોને ન્હાનપણથી સુબોધ આપી સારે રસ્તે ચઢાવવાં, એના જેવું આ જગત્માં બીજું એકે પુણ્ય નથી. પણ તે કામ ઘણું મ્હોટું, અતિ કઠિણ અને નાજુક છે. તે વિષે મહારાષ્ટ્રના વિખ્યાત વિદ્વાન્ કવિ મોરોપંતના શબ્દોમાં કહીએ તો—

(ગીતિ.)

ચૂકેલા જનને જે, સુબોધ આપી સુમાર્ગ બતલાવે;
ધન તેનાં તન મનને, અન્ય ન તેની બરોબરી આવે.

એ કથન વાસ્તવિક છે. હમણાં જેને આપણે બાળક જોઇયે છીએ, તેજ ભવિષ્યમાં મ્હોટી ઉમ્મરના મનુષ્યો થશે; અને તે મ્હોટા માણસોની યોગ્યતા ઉપરજ દેશનાં હિત-અહિતનો સર્વ આધાર રહેલો છે. ત્યારે ન્હાની વયથીજ તેમને સન્માર્ગે ચઢાવવા યત્ન કરવો એ દેશહિત કરવાનું સર્વોત્તમ સાધન સમજવું જોઇયે. સિવાય બાળકોએ માબાપના કહ્યામાં રહેવું, એ તેમને સન્માર્ગે ચઢવાની સીડીનું પહેલું પગથીઉં છે.

આ ઉત્તમ હેતુ ધ્યાનમાં લઈ, બાળકોને સન્માર્ગે ચઢાવવાનો પ્રયત્ન આ લઘુ લેખ મધ્યે કરવામાં આવ્યો છે, તે દયાળુ પ્રભુની કૃપાથી સફલ થાઓ.

મહારાષ્ટ્ર ભાષાના વિદ્વાન્ લેખક રા. સા. વિનાયક કોંડદેવ કૃત "મુલાંચે કલ્યાણ" ઉપરથી આ લઘુ લેખ તૈયાર કરવામાં આવ્યો છે. તેનો "કૉપી રાઇટ" મુંબઈ નિર્ણય

સાગર પ્રેસના માલિક રા. રા. તુકારામનો હોવાથી, ભાષાંતર કરવા તેમનો અભિપ્રાય માગતાં, ઉત્સાહપૂર્વક પરવાનગી આપી, તેથી તેમનો આભાર થયો છે. તેમજ કવિશ્રી કહાનજી ધર્મસિંહે આ ભાષાંતર તપાસી આપવાથી તેની અત્રે નોંધ લેવી ઉચીત સમજું છું.

સદરહું "**मुलांचे कल्याण**" દક્ષિણ પ્રાંતની સરકારી શાળાઓમાં બાળકોને ઈનામ વહેંચવા મંજુર થયેલું છે. એટલુંજ નહિ પણ આજ સુધીમાં તેની ચાર આવૃત્તિઓ પ્રકટ થઈ ચૂકી છે, તે ઉપરથી આ પુસ્તકનું ઉપયોગી પણું સહજ સમજી શકાશે.

મરાઠી પુસ્તકમાં ચાર પ્રકરણ છે, પણ આ ગૂજરાતી પુસ્તકમાં માતપિતાના ઉપકારની કવિતાનું એક ન્હાનું પ્રકરણ ઉમેરવામાં આવ્યું છે. મરાઠી પુસ્તક જેમ શાળાઓમાં ઈનામ વહેંચવા સરકારે મંજુર કર્યું છે, તેમ આ પુસ્તક ગૂજરાતી શાળાઓમાં ઈનામે વહેંચવા કેળવણી ખાતાના મહેરબાન ડિરેકટર સાહેબ બહાદુર મંજુર કરવા મહેરબાની કરશે તો આ ન્હાના પણ ઉપયોગી પુસ્તકનો વિશેષ ફેલાવો થતાં, ગૂજરાતીમાં પ્રકટ કરવાનો હેતુ ઘણે ભાગે સફળ થશે.

તારીખ ૧-૧૦-૦૩.
લુણાવાડા.

હિ૦ વિ૦ રાવળ.

"वरमेको गुणी पुत्रो न च मूर्ख शतान्यपि ।
एकश्चन्द्रस्तमो हन्ति न च तारागणोऽपि च ॥
एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगन्धिना ।
वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलं यथा ॥"

(ગીતિ).

માત, પિતા, ગુરુ, રાજા,
અભ્યાગત, ઋષિ અને જ્યેષ્ઠ ભાઈ;
વૃદ્ધ, અમાત્ય, સુજનની,
પાસે ધરવી ઘટે નમંતાઈ.

જનક ગુણે ગુણકારી,
સ્નેહ લઈ સ્નેહ આપતા ભ્રાતા;
ઇશ્વિર રાચે સ્મરણે,
સહજ અલૌકિક ધરે સ્નેહ માતા.

(દોલતરામ કૃ. પંડયા.)

अनुक्रमणिका.



बाळ सद्बोध रत्न.

પ્રકરણ ૧ લું.

સાધન.

બાળકોએ માબાપના કહેવા પ્રમાણે ચાલવું, એમાંજ તેમનું હિત છે, એવું અનુભવી અને ડાહ્યાં માણસોએ મુકરર કર્યું છે; માટે તે પર પૂર્ણ વિશ્વાસ રાખી તે પ્રમાણે વર્તવું એ બાળકોને યોગ્ય છે. આ વાત ખરી છે, તથાપિ કોઈ પણ વાત એકદમ ખરી માનીને ચાલવું, અને તે શી રીતે ખરી છે તે સમજીને પછી તે પ્રમાણે ચાલવું, એ બેમાં બહુ ફરક છે. ખરી વાત સારી રીતે સમજીને તે પ્રમાણે વર્તવાથી તે સારી પેઠે મનમાં ઠસે છે; બિલકુલ સંદેહ રહેતો નથી અને તેને અનુસરવાથી મન ખરેખરા ઉપયોગી માર્ગ તરફ વળે છે. અને માબાપની આજ્ઞામાં રહેવા સંબંધી બળકોની પ્રવૃતિ જેટલી જરૂરિયાતની છે તેટલી તે વાજબી છે; માટે તેનો વિચાર કરવો જોઇએ.

આ વિચાર બહુ કઠિણ નથી; સુગમજ છે. એનો આરંભ કરવા પહેલાં આપણા મનને એટલુંજ પુછિયે કે,

આ જગતના વ્યવહારમાં બીજાનો વિશ્વાસ કર્યા વગર માણસને ચાલે કે નહિ? વિંછીના ડંખથી અત્યંત વેદના થાય છે; સોમલ ખાવાથી માણસ મરે છે; અમુક ઓસડ ખાધાથી રોગ મટે છે; પ્રમાણિકપણે હમેશ ઉદ્યમ કરવાથી માણસનું કલ્યાણ થાય છે;—ઈત્યાદિ લાખો બાબતો આ જગત્‌માં વસતાં વ્યવહાર ચલાવવાને માટે ઉપયોગી છે. તે સર્વનો અનુભવ જાતે લઇ શકાય કે કેમ? સોમલ ખાવાથી માણસ મરે છે, એ વાતનો અનુભવ લોકોને મળેલો છે તે પર વિશ્વાસ ન રાખતાં "હું જાતે તેનો અનુભવ કરી જોઉં ને પછી તે પ્રમાણે જે કરવાનું છે તે કરીશ," એવું જો કોઇ કહે તો તેને કોણ સમજુ અથવા ડાહ્યો સમજશે? કોઇજ નહિ. પણ એવા માણસને સહુ કોઈ મૂર્ખજ કહેશે, એટલુંજ નહિ પણ મહા મૂર્ખ સમજશે. કેમકે તેના વિચાર પ્રમાણે જો કોઇ ચાલે તો તેને નુકશાન થયા વિના રહે નહિ.

આ ઉપરથી એટલું તો નક્કી થયું કે લોકોના અનુભવ પર વિશ્વાસ રાખ્યા વગર માણસને ચાલે નહિ. આ વિયયમાં વળી બીજો પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે માણસો જે કાંઈ પોતાનો અનુભવ બીજાને જણાવે છે તે સર્વ ખરેખર તેને વિતેલ અને તે વિશ્વાસ રાખવા યોગ્ય છે કે કેમ? ચોર, લૂટારા અથવા પોતાના સ્વાર્થ સારૂ બીજાનો જાન લેનારા એવા ઘણા કોઇ લોક આ જગતમાં છે, તે વાત ઘડીભર બાજુ રાખીએ, તેની તરફનો પવન પણ ન લઇએ અને તેને ઓળે પણ ન ઉભીએ એ સર્વ ખરૂં; એ વિષે કંઇજ કહેવાનું નથી, પરંતુ જે લોક એવી તરેહના નથી, જે

અવિચારી કામ કરતાજ નથી, જેને પોતાની લાજ–આબરૂની ઘણીજ કાળજી છે; અને જે પોતાને સારા કહેવરાવવાની ઇચ્છા રાખે છે, એવા લોકોના કહેવા ઉપર આપણે પૂર્ણ વિશ્વાસ રાખવો કે કેમ? લોકો સર્વ વ્યવહાર પોતાના હિત માટે કર્યા કરે છે. આપણે બજારે ગયા કે વેપારી આપણને માન સહિત બોલાવે છે; ગાદી તકિયે બેસારે છે; મીઠું મીઠું બોલે છે; પોતાનો તરેહ તરેહનો માલ સભ્યતાપૂર્વક બતાવે છે; તેનાં ઘણાં વખાણ કરે છે: "આ લ્યો" એમ કહે છે અને "બીજી દુકાનોના માલ કરતાં તે ઘણો સારો અને સસ્તો છે," વળી "ફક્ત સોગનપૂર્વક એક આનો વટાવ લઇ કહુંછું" વગેરે કહે છે, તે સઘળું ખરૂં હોય છે શું? એકાદ માણસે જો તેના પર પૂર્ણ વિશ્વાસ રાખી માલ ખરીદ કર્યો તો શું તેને નુકશાન નહિ થાય? થશેજ. ખચ્ચિત થશે. આ વાત જગતનાં ઘણાંક મનુષ્યોને લાગુ પડે છે. અર્થાત્ તે જે કાંઈ કહે છે તે પોતાનો સ્વાર્થ સાધવાની મતલબથી કહે છે. અને એવો એક સાધારણ નિયમ નજરે પડે છે કે જે કામ મનુષ્ય કેવળ સ્વાર્થ સાધવા માટે કરે છે, તેથી બીજાનું હિત કદાપિ થઈ શકતું નથી. વાસ્તે પોતાના હિતની લાલચ તલમાત્ર પણ મનમાં નહિ લાવતાં, જાતિ અનુભવ તથા જ્ઞાન પ્રમાણે જે કોઇ ઉપદેશ કરે છે તે ખરેખરો ઉપકાર કરે છે.

આવાં માણસો જગતમાં એકંદર જોઇશું તો ઘણાં મળી આવશે. પણ એકમેકના સંબંધમાં આવેલાં જોઇશું તો તે ફક્ત બેજ છે:—**મા અને બાપ.** માબાપનું અંતઃ-

કરણ આપણા દુઃખ-દર્દ વખતે કેવું દુઃખી થાય છે અને આપણા સુખ સારૂં કેવા કેવા ઉપાય કરવાને તૈયાર હોય છે, તેનું ગમે તેટલું વર્ણન કરીએ પરંતુ પરિપૂર્ણ થઈ શકે નહિ. તેનો અનુભવ લેવા તેવી સ્થિતિયેજ પહોંચવું જોઇયે. માબાપનું મન બાળકોના હિત માટે મહાન્ સંકટ વેઠવાને પણ ઉલટ સહિત તૈયાર હોય છે. પોતાને ગમે તેટલું દુઃખ પડે, પોતાના ગમે તેટલા પૈસા ખર્ચાય, પોતાનું ગમે તેટલું અપમાન થાય, પણ પોતાનાં બાળકોને સુખ થાય, એવું સર્વ માબાપો ઇચ્છે છે, અને તે માટે સઘળી તજવીજ કરે છે. તેમાં તેના પોતાના સુખની કે હિતની લેશ પણ ઇચ્છા નથી; પરંતુ બાળકોનું હિત કરવું એજ મ્હોટો સંતોષ, અને એજ સર્વથી મ્હોટો લાભ; એ તેના મનથી નક્કી થયેલું છે. એ વિષે કંઈક ઉદાહરણ બીજા પ્રકરણમાં કહીશું.



પ્રકરણ ૨ જું.

પ્રીતિનું ઉદાહરણ.

માબાપ પોતાનાં બાળકોને કેટલાં સંભાળે છે, તેને માટે શું શું કરે છે, તેની કલ્પના એકદમ મનમાં આવી શકતી નથી, અને તે વિષયનું દૃષ્ટાંત એક ન્હાની ઝુંપડીથી માંડીને મોટા રાજ દરબારમાં સદૈવ ભરપૂર છે. એટલે તેપર લક્ષ જતું નથી. વાસ્તે ફક્ત નમુના દાખલ તેમાંનાં એક બે દૃષ્ટાંત કહુંછું :—

દયાળુ અને માયાળુ પિતા વિષે ક્ષણભર મુંગા રહીએ, પરંતુ જેનું અંતઃકરણ પથ્થર જેવું કઠણ અને જેણે **નીતિ-ધર્મ**નું નામ સુદ્ધાં જાણ્યું નથી, એવા અજામેલ બ્રાહ્મણને એક પુત્ર થયો. તેનું નામ તેણે નારાયણ પાડયું. તેને તે જીવ અથવા પ્રાણથી પણ વિશેષ ગણતો ; તેનું વર્ણન કરતાં કવિ કહે છે કે,—

(સ્રગ્ધરા વૃત્ત.)

આવી નારાયણા રે, વદ વદ[1] વચનો મિષ્ટ[2] નારાયણા રે ;
ખા તું નારાયણા રે, ક્ષુધિત[3] બહુ થયો આજ નારાયણા રે ;
ક્યાં તું નારાયણા રે, તજિ નહિ મુજને જૈશ નારાયણા રે ;
ભાઈ નારાયણા રે, તુજ વિણ ન ગમે કાંઈ નારાયણા રે. ૧

---

૧. બોલ. ૨. મીઠાં. ૩. ભૂખ્યો.

(ઉપજાતિ.)

રમે શું નારાયણ ઉષ્ણતામાં[1], રહે નહિં શું ઘરમાં મઝામાં ;
લે પાતું નારાયણ મિષ્ટ પાણી,નારાયણિ[2]રંગિલિ[3]વિપ્ર[4]વાણી.૧
જે ખાન[5] નારાયણને જ ભાવે, તે તુર્ત નારાયણ કાજ લાવે ;
નારાયણાને વદતો વખાણી, નારાયણિ રંગિલિ વિપ્ર વાણી.૨
નારાયણા વીણ નહિં જમું રે, નારાયણા વીણ બધે ભમું રે ;
પીતું ન નારાયણ વીણ પાણી, નારાયણિ રંગિલિ વિપ્ર વાણી.૩

(વસંતતિલકા.)

નારાયણા સમ શિશુ[6] જગમાંહિ નાહિં,
નારાયણા મહિં ન દોષ દિસેજ કાંઈ ;
નારાયણો પ્રિય મ્હને ગુણ રત્ન ખાણી,
નારાયણી સ્મરણિ[7] રંગિલિ વિપ્ર વાણી. ૧

અજામેલનો પ્રેમ નારાયણ ઉપર કેટલો બધો હતો, તે આ ઉપરથી સહજ ધ્યાનમાં આવશે.

ઈંગ્લાંડમાં લૉર્ડ ચેસ્ટર્ફિલ્ડ નામે એક મહાન્ નર કેટલાંક વર્ષપર થઈ ગયો. તેને એકનો એક પુત્ર હતો. તેને તેનું હિત કરવાની અત્યંત કાળજી હતી. તે છોકરો દૂર દેશ મુસાફરી જતાં તેના પિતાએ જે પત્રો લખ્યા તે અત્યંત બોધથી ભરપૂર છે. તેમાંનાં થોડાંક વચનો નીચે પ્રમાણે હતાં :—

" મ્હારી મહેરબાની મેળવવાની જો તારી ઇચ્છા

૧. ગરમી. ૨. નારાયણુની. ૩. છટાદાર. ૪. બ્રાહ્મણ.
૫. ખાવાનું. ૬. બાળક. ૭. યાદ કરવા જોગ.

હોય તો તું પ્રથમ તારા શિક્ષકની (માસ્તરની) મહેરબાની મેળવ એટલે બસ છે. શિક્ષક જે શીખવે તે ચિત્ત લગાડી શીખ, અને તે જે કહે તે મન દઇ સાંભળ. તેનાથી સભ્યતાપૂર્વક ચાલ, એટલે તેની કૃપા તારાપર સહજ થશે......બીજાંપર દયા કરવી એ મોટાઇનું લક્ષણ છે. તે તું રાખ......પરોપકાર કરવો તથા સાચું બોલવું, એ મુખ્ય સદ્ગુણ છે. સંપત્તિ, સત્તા, તથા સુખ એ આપણા ઉપર અન્યાય, અનીતિ, ગુજરતાં નાશ પામે છે, પરંતુ આપણા પાસે જે સદ્ગુણ હશે તે તો આપણા પોતાના છે; તે કોઇ બીજાના થનાર નથી......વિદ્યા, વિવેક, અમીરી, ઇત્યાદિ સદ્ગુણો લોકોમાં માન મેળવવાને અગત્યના છે......જે યોગ્ય છે તે કરવાને કદી તું શરમાઇશ નહિ, એ હું તને બહુજ આગ્રહથી કહુંછું, તું તે કદી ભૂલીશ નહિ.......વખાણવા યોગ્ય માણસના મુખમાંની વાહવા મેળવવાનો પ્રયત્ન કર......બોલવા પ્રમાણે ચાલ. જો તેમ નહિ કરે તો તે મૂર્ખતા, અપ્રમાણિકપણું અને મહા પાપ છે...... જેનામાં સત્ય નથી, તેનામાં બીજો કોઇ સદ્ગુણ નથી; માટે તું સત્ય પકડીને ચાલ......તું જે કરવાનું એક વાર કહે તે કરવાને કદી ચૂકીશ નહિ; પછી તેમાં તારૂં હિત હોય કે ન પણ હોય .....પ્રત્યેક વખતે તું તારૂં હિત મેળવતો રહે ...વખત વ્યર્થ જવા દેવો એ અપરાધ અતિ મોટો છે; તે તું કરીશ નહિ."

આ ઉપદેશ કેટલો કિંમતી છે તે તું જો તો ખરો? આવો પવિત્ર અને આગ્રહ ભરેલો બોધ પિતા સિવાય અન્યના અંતઃકરણમાંથી નીકળશે શું?

એક અતિ જૂની કથા છે કે દશરથના પુત્ર રામ જ્યારે વનવાસ નીકળ્યા ત્યારે તેની મા કૌસલ્યાને અત્યંત દુઃખ થયું. તેણે ઘણું રૂદન કર્યું અને પંચ મહાભૂતો-(પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ) ને પ્રાર્થના કરી કહ્યું કે,—

(રૂચિરા—ચાલ લાવણી-સવૈયા.)

ધરણીને[1] કૌસલ્યા[2] વિનવે, માત તમારો રામ જમાત્ર,[3]
યથાર્થ[4] તેનું રક્ષણ કરજો, કોમળ કમળ સરીખાં ગાત્ર;
કમળનયન[5] જે પંથે જાએ, તે પંથે ફળજો વન વૃક્ષ,
ન્હાના વિઘનાં સંકટ હણવા, સ્હાય રહો શિવ રહી સમક્ષ. ૧
રક્ત કમળથી[6] કોમળ અતિશય, બાલક રામચંદ્રના ચર્ણ,
કંટક[7] કંકર[8] નહિં ખૂંચશો, નહિ ચાલ્યાનું સ્વપ્ને સ્મર્ણ;
હે દિનેશ[9] તવ પ્રચંડ[10] કિરણે, કુલભૂષણ[11] રક્ષણ કરજે,
શીત ઉષ્ણતા[12] અધિક નિવારી, મુજ સુત તન શાંતિ ભરજે. ૨
વિશ્વતણા પ્રાણેશ[13] પવન તું, શિશુ મ્હારા રઘુનંદનને,
યોગ્ય ગતિથી પ્રફુલ્લ કરજે, લક્ષ લઈ મુજ વંદનને;
પૂર્ણ તાપમાં રામ વિચરશે, મંદ મંદ ત્યાં વાયૂ વા;
સીતાપતિને સાનુકૂલ રહિ, હે પ્રાણેશ તું તત્પર થા. ૩
ઓ અંબર[14] તું નિર્વિકાર રહિ, શબ્દ વિષય કોમળ કરજે,
મંજુળ[15] નાદ, મનોહર સુંદર, પક્ષી માત્ર વિષે ધરજે;

---

૧. પૃથ્વી. ૨. અયોધ્યાના રાજા દશરથની રાણી, રામની માતા. ૩. જમાઈ રામને પૃથ્વીના જમાઈ કહેવાનું કારણ એ કે, રઘુવંશ સર્ગ ૧૧ માં તથા રામાયણના બાલકાંડમાં સીતાની ઉત્પત્તિ પૃથ્વીમાંથી બતાવી છે. ૪. બરાબર રીતે. ૫. કમળ જેવાં નેત્રવાળા (રામ). ૬. રાતાં કમળ. ૭. કાંટા. ૮. કાંકરા. ૯. સૂર્ય. ૧૦. આકરાં. ૧૧. કુળના શણગાર. ૧૨. ગરમી. ૧૩. પ્રાણપતિ. ૧૪. આકાશ. ૧૫. કોમળ.

દિક્પાળો[1] એકાદશ રૂદ્રો, બ્રહ્મા, શિવ, વિષ્ણુ નિત્યે,
બાર સૂર્ય નવ ગ્રહ ને વસુઓ, રક્ષો રામ સહૂ પ્રીતે. ૪

ફ્રાન્સના રાજા નેપોલિયન બોનાપાર્ટની હાર થવાથી સેંટ હેલિના નામના બેટમાં તેને કેદ કર્યો. બાદ કેટલેક દિવસે તે ઘણો માંદો પડવાની ખબર તેની મા લેતિશિયાને મળી, ત્યારે તેણે યુરોપના રાજાને તે વિષે અરજી કરી જણાવ્યું કે,—"મહારાજ! હું નેપોલિયન બોનાપાર્ટની મા છું. તેનો જીવ મને મ્હારા જીવ કરતાં વધારે વ્હાલો છે. પરમેશ્વર અત્યંત મહાન્ અને દયાવાન્ છે અને આપણે સહુ તેના અંશની પ્રતિમા છીએ. હું તમને હાથ જોડી, ખોળા પાથરી માગું છું કે કૃપા કરી મ્હારા બાળકને બંધનથી મુક્ત કરો અને તેને દુ:ખમાંથી છોડવો. મહારાજા! તમે પરમેશ્વરના પ્રત્યક્ષ પ્રતિનિધિ છો. આ મ્હારી અનાથની અરજી સ્વીકારો." 'કેવો પુત્ર પ્રેમ? ભલભલા મનુષ્યો કહી ગયા છે કે "માના ગુણુ ઓશિંગણુ થવાતું નથી" તે યથાર્થ છે.

મોગલ બાદશાહ બાબરે કેટલીક તજવીજ કરી, પોતાના પુત્રનું મરણ પોતાપર લીધું, એવું ઇતિહાસપરથી જણાય છે. આ પ્રમાણે એકનું મરણ બીજો લઈ શકે કે કેમ, એ જુદી વાત છે, અને તે નહિ લઈ શકાય એ દેખીતું છે; તથાપિ પોતાની સમજ પ્રમાણે બાબરે પ્રયત્ન કર્યો એ વાત ખોટી નથી. તે ઉપરથી તેનું મન પોતાના પુત્ર પ્રત્યે કેટલું બધું હતું તે જણાઈ આવે છે.

---

૧. દિશાના દેવતાઓ.

સંસારમાં માણુસને પોષણુ માટે જે ઉદ્યમ કરવો પડે છે, તે માબાપ તેને પ્રેમપૂર્વક શીખવે છે ને તે આપણે ડગલે પગલે જોઇયે છીએ. તેમાં આપણને વધારે નવું લાગતું નથી. પરંતુ મરણુ અથવા અંતકાળ જે આપણી છેવટની સ્થિતિ છે અને જે અતિશય દુઃખકારક છે, તે ભોગવ્યા સિવાય કોઇનો ઉપાય નથી. તે પણુ મનગાં લઇને તે સમય સહન કરવાને બને તે માટે હેનરી હેવલોક નામના શૂર પુરૂષે શાન્તિપૂર્વક પ્રાણુ છોડતાં પોતાના દીકરાને પાસે બોલાવી કહ્યું હતું કે,--"બચ્ચા! ધર્મશીલ માણુસ કેવી રીતે પ્રાણુ છોડે છે તે જો"! આમ કરવાની મતલબ એજ કે પોતાનો છોકરો ધર્મનિષ્ટ થાય અને પોતાની પેઠે શાન્તિથી દેહ છોડે. અર્થાત્ પુત્ર પ્રત્યે તેનો એટલો બધો પ્રેમ કે તેને તેણે મરતાં સુદ્ધાં શીખવ્યું!

હવે માબાપનું કહેવું ધ્યાનમાં લેવાથી છોકરાંનું કેવું શ્રેય થાય છે ને નહિ ધ્યાનમાં લેવાથી કેવી હાનિ થાય છે, તે વિષે ન્હાની વાર્તા એક વિદ્વાન્ પુરુષે કહેલી તે કહુંછું.



પ્રકરણ ૩ જું.

દૃષ્ટાંતપર વાત.

કેટલાક દિવસ ઉપર સ્હવારમાં ચાર ઘડી દિવસ ચ્હડતાં મ્હારા એક મિત્રને ઘેર હું તેને મળવા ગયો. તે મિત્ર સારો ભણેલો હતો. તેની સ્ત્રી પણ ભણેલી અને સુશીલ હતી. તેને એકજ દશ–અગ્યાર વર્ષનો દીકરો હતો. તે બુદ્ધિવાન્ હતો અને અભ્યાસ કરતો હતો. હું ગયો ત્યારે તે છોકરો આંખો ચોળતો માથું નીચે રાખી ઓસરીનાં પગથિયાંપર બેઠો હતો. તેને ત્યાં મ્હારૂં ઘણીવાર જવું થવાથી તેને હું કોઈ કોઈવાર કાંઈ પૂછતો અને તે ઉત્તર આપતો તેથી મને સંતોષ થતો હતો. તે છોકરાને આમ ઉદાસ જોઈ મને એમને એમ આગળ જવું ઠીક ન લાગ્યું તેથી ઉભો રહ્યો અને હાક મારી તેના ખભાપર ધીરેથી હાથ ફેરવી મેં તેને કહ્યું,—"કેમ રે ભાઇ! તું આજે આવું ખરાબ મ્હોઢું કરી કેમ બેઠો છે? તને કોઈએ કંઈ કહ્યું કે શું?"

છોકરો—નહિ, મને કોઇએ કંઈ કહ્યું નથી; પણ પડોશના મોહન અને દિનકર કવાયતની રમત જોવા ગયા ત્યારે 'તેની સાથે હું જાઉં?' એમ મેં પુછ્યું ત્યારે માએ ના કહી અને બાપા દેખતાં....

એટલું બોલતાં તેને ઘણું રડવું આવ્યું. પછી જરા શાંત

પડતાં વિશેષ કશું કહ્યું નહિ પણ પાસે ટાંગેલાં પાંજરાં તરફ આંગળી કરી.

હું—અરે ભાઈ! આ પોપટ કોનો છે! ઘણો મઝેનો લાગે છે. તેને કાંઈ બોલતાં આવડે છે કે?

છોકરો—(આંખો સાફ કરીને અને પોતાનો પ્રથમનો સાદ બદલીને) તે મ્હારો છે. તે અમથુંજ થોડું થોડું બોલે છે.

હું—એમકે? મેં જાણ્યું કે એ તારી બ્હેન રતનનો છે. હું પરમ દિવસે આવ્યો હતો ત્યારે તે તેને ખાવા આપતી હતી.

છોકરો—તેણે ખાવા નાખ્યું તેથી શું થયું? પિતાજી-એ મને ક્યાંક કામે મોકલ્યો હતો તેથી તેમણે તે કામ તેને સોંપ્યું હતું; બાકી તે તો મ્હારોજ છે. બાપે મને એકલાને તે વેચાતો લઈ આપ્યો છે. પાંજરાં સુદ્ધાં ત્રણ રૂપિયા પડયા. તે પર બ્હેનની કાંઈ સત્તા નથી.

હું—ખરેખર આ પોપટ ઘણો સારો લાગે છે. તને તેથી બહુ ગમ્મત થતી હશે, નહિ વારૂ? બોલાવ ભલા તેને, જરા જોઉં તો ખરો?

તે છોકરાએ તેને "કોણ રે તું?"—"વિઠ્ઠલ, વિઠ્ઠલ, વિઠ્ઠલ;"—"લટપટ પંખી ચતુર સુજાણ" એમ બોલવા-ને કહેતાં તે તેણે દાંડીપર નાચીને મ્હોટા આનંદ અને માન સહિત કહ્યું, અને મ્હારા તરફ નજર કરી. તે જોતાં છોકરો પ્રથમની વાત વિસરી હર્ષિત થયો અને મને નવા-ઈમાં પડેલો જોઇ વધારે ચમત્કાર બતાવવાને બોલ્યો,—

"સલામ કરવાનું કહેતાં તે (પોપટ) સલામ કરે છે, તેને માટે ખાવાનું લાવતાં તે લેવાને પોતાનું વાસણ ચાંચમાં પકડી આગળ ધરે છે, એવો તે હુશિયાર છે. પણ હું કહું તો તેમ કરે છે; બીજા કોઇનું તે માનતો નથી."

હું—એમ કે ? આ પ્રમાણે કરનારો પોપટ મેં કદી જોયો નહોતો.

તે બે વાત તેણે તેની કને કરાવી તે જોઈ મને ખરેખર અતિ આશ્ચર્ય થયું. એટલામાં મ્હારી નજર ઓસરીમાંના કબાટપર ગઇ. તેમાં ન્હાના સરખા કાચ જડેલા હતા, તેની તરફ નજર કરી મેં કહ્યું,—"ભાઇ ! આ ન્હાનું સુન્દર કબાટ કોનું છે ? એ નવું ખરીદેલું લાગે છે."

છોકરો—તે કબાટ મ્હારૂં છે. મને પુસ્તકો રાખવા જોઇયે માટે બાપાએ વેચાતું લઈ આપ્યું. તેની કિંમત રૂપિયા વીશ પડી.

હું—ખરેખર કબાટ બહુ સારૂં છે. વીશ રૂપિયા, એનાપરથી ઓવારી નાખીએ તેવું તે ઉત્તમ છે. ઘણુંજ સરસ.

છોકરો—હમણાં હું સહજ જ ઉપલા વર્ગમાં ગયો, તે માટે ભણવાને નવાં પાંચ પુસ્તક લીધાં છે. તે પણ ઘણાં સરસ છે. સિવાય નકશા ચીતરવા માટેના સામાનની એક પેટી, રંગનો એક બાકસ, એવો ઘણો સામાન હમણાં મ્હારી કને ભેગો થયો છે. તેના કુલ રૂપિયા ૫૦–૬૦ થયા હશે. તેને રાખવા આવું કબાટ જોઇયેજ.

હું—અરે હા, પણ હું પરમ દિવસ આવ્યો હતો ત્યારે

તું કાનટોપી પહેરીને પથારીપર પડયો હતો અને તને તાપ આવતાં પેટે શૂળ નીકળતાં હતાં, એમ તારા બાપ કહેતા હતા. તે તારૂં દર્દ હવે સાવ નાશ પામ્યું જણાય છે. કયા વૈદ્યે તને દવા કરી ?

છોકરો--તમારા ગયા પછી તે દિવસ મ્હારી તબિયત અત્યંત બગડી હતી. ઝાડા થવા લાગ્યા, ઉલટી આવવા લાગી, ઘણોજ તાવ ચ્હડી આવ્યો, માથું દુખવા લાગ્યું અને વારંવાર જીવ ગભરાવા લાગ્યો. એમ બે દિવસ મ્હારી દુર્દશા થઈ. બાપા ઔષધ આપતા હતા અને મા ખાવા પીવાનું કરી આપતી પાસેને પાસે બેસી રહેતી હતી. બરાબર બે દિવસ તેણે પાંપણો ભેગી કરી જરા પણ ઉંઘ લીધી નથી. હવે મને બરાબર સારૂં થયું છે.

હું—ખરેખર એમને બહુ મહેનત પડી હશે. એ આ રોગનોજ ભોગ ! પરંતુ તે સિવાય જન્મથી આજ દિવસ સુધી તને એવાં સેંકડો દુઃખ-દર્દો થયાં. કેટલીક વાર તો તારી આશા પણ નહોતી. મને પક્કી યાદ છે કે તને શીતળા નીકળ્યાં ત્યારે તું ત્રણ દિવસ ઘણોજ માંદો હતો. તે વેળા તારાં માબાપને અત્યંત ચિંતા થતી હતી. તે ત્રણ દિવસ તારી પાસેથી ખસ્યાંજ નહોતાં. કેવું દુઃખ? અને કેટલી મમતા ? એવાં મમતાળુ માબાપ બહુ થે-ડાંજ હોય છે.

છોકરો—તે ખરૂં છે. મને ખાવા-પીવામાં અને અ-ભ્યાસમાં કાંઇ ઉણપ નથી આવવાં દેતાં, તેમજ હું માંદો ન પડું તે માટે તે અત્યંત કાળજી રાખે છે.

હું—એમજ ! ખરેખર તને મ્હોટો લાભ છે. વારૂ, ત્યારે જે કંઇ તુંને તે કરવાનું અથવા નહિ કરવાનું કહે છે તે તારા ભલાં કાજે કે બૂરાં કાજે ? કહે જોઇએ ?

છોકરો—(જરા ગભરાઇને) હું તેમ નથી કહેતો, પણ મને કવાયતની રમત—

હું—હા ભાઈ, તને તે જોવા જવાનું હતું ખરૂં, પણ તેથી તને નુકશાન છે એવું જ્યારે તારાં માબાપને જણાયું અને તેથી તને નહિ જવા કહ્યું, ત્યારે તેનાં હિતકારીપણા પર વિશ્વાસ રાખી, તેના પ્રત્યે મમતા લાવી તેની આજ્ઞા પાળવી એ શું તને ઘટતું નહોતું ?

છોકરો—હા, હું કાંઇ ના કહેતો નથી. પણ મોહન અને દિનકર એ બેઉ, એનાં માબાપોએ ના કહ્યા છતાં ગયા તેમ મ્હારાથી બન્યું નહિ.

હું—તેમ તારાથી ન બન્યું એ ઘણી સારી વાત છે. છોકરાંએ માબાપની આજ્ઞા કદી લોપવી નહિ, કેમકે તેથી તેનું ઘણું અહિત થાય છે અને—

આ પ્રમાણે અમારી વાતચિત્ત ચાલતી હતી તેટલામાં રસ્તા પર એક ગાડી ધીમે ધીમે ચાલે છે, તેના પાછળ લોકોનું ટોળું અને ગાડીનાં માણસો તરફ જોઈ બીજાં માણસો જોયા કરે છે. એવું મ્હારી નજરે પડયું. આ ઉપરથી દોડયો દોડયો પાસે ગયો તો મોહન અને દિનકર તે ગાડીમાં બેસાડેલા છે, તેના શરીર પરનાં લૂગડાં લોહી લુવાણ થઈ ગયાં છે, તે મ્હોટી બુમો મારીને રડે છે અને

એક માણસે તેને પછવાડેથી ઝાલી રાખેલ છે. એવું મ્હારા જોવામાં આવ્યું અને તપાસ ઉપરથી ખબર પડી કે જે ઘોડાની કસરત થતી હતી તે જગ્યાએ આ બે જણાઓ એવે ઠેકાણે જઇ ઉભા હતા કે તે ઘોડાના સપાટામાં આવી ગયા. મોહનના પગનો નળો ઘોડાની લાત લાગતાં ભાગી ગયો અને દિનકરનો હાથ ભાગ્યો તથા દાંત તૂટી પડયા. આ ખબર મને કોઇએ કહી, તેટલામાં તે છોકરાઓ ત્યાં આવ્યા. તેની દુર્દશા જોઇને તથા બતાવીને મેં કહ્યું કે,—

"આ જોયું કે શું થયું તે ?" તે સાંભળી તેને ઘણું માઠું લાગ્યું, આંખે આંસું આવ્યાં, સાદ ગળગળો થઈ ગયો અને ધાંટો તાણી રડવા લાગ્યો કે—'મને આ શું સૂજ્યું ?' તે સાંભળી હું તેનો હાથ ઝાલી ઘેર પહોંચાડી આવ્યો. જતી વખતે મેં તેના માબાપ સમક્ષ કહ્યું,—

'અરે ભાઇ ! તું કંઇક વિચાર કર. માબાપની આજ્ઞા માનવી, એ છોકરાંને ઘણું જરૂરી અને ઉપયોગનું છે. જો, જેણે તને જન્મ આપ્યો, ન્હાનાથી મ્હોટો કર્યો, ખવરાવ્યું પીવરાવ્યું, કેડે તેડી રમત-ગમત કરાવી, માંદો પડતાં રાત-દિવસ ઓસડ-વેસડ કર્યાં, તારા જીવ સારૂ લોહીનું પાણી કરી નાખ્યું, અને હાડ-ચામ ગાળી નાખ્યાં, તે માબાપના તારા ઉપર કેટલા બધા ઉપકાર થયા છે? તેની કાંઇ સીમા છે?! તું તેમને ઉપયોગી થઈ ઉપકારનો બદલો વાળી આપ, એવી તેની ઇચ્છા છે શું ? નહિ નહિ, મુદ્દલ જ નથી. તે ઉપકાર બદલ તારી પાસે જે માગે છે તે પણ માત્ર તારા હિતનું અને એટલું જ કે તું મ્હોટા ઉલ્લાસથી તેની

આજ્ઞામાં રહે. આ માગવું તેના ઉપકારના બદલામાં શું વિશેષ છે? નહિ, મુદ્દલજ નહિ. અને એ માગણી પ્રમાણે ચાલવાથી તેને સંતોષ થશે, તારૂં હિત થશે અને પરમેશ્વરને અત્યંત પ્રિય જે માત-પિતાના ભક્તો, તેમાં તારી ગણત્રી થશે. એથી વિશેષ બીજો કયો લાભ થવાનો હતો! વાસ્તે મ્હારૂં તને એટલુંજ કહેવું છે કે તું તારાં માબાપની આજ્ઞા બરાબર પાળ, તેમાં તારૂં સર્વ પ્રકારે હિત છે."

આ મ્હારૂં બોલવું થયું તે વખતે માબાપની તથા તે છોકરાની આંખે આંસુ વહેતાં હતાં. તેના ચ્હેરા પર કૃતજ્ઞતા સ્પષ્ટ દેખાતી હતી, પરંતુ તેના મ્હોમાંથી એકે શબ્દ ન નીકળ્યો ત્યારે તે સર્વેને 'હું હવે જઇશ' એમ કહી ચાલ્યો ગયો. પાછળથી કેટલેક દિવસે તે છોકરાનો બાપ મને મળ્યો, તે બોલ્યો કે,—' તે દિવસથી છોકરો અત્યંત આજ્ઞાપાળક થયો છે.' એ સાંભળી મને ઘણો સંતોષ થયો.

હવે અગાઉ જે મહાન્ નરો થઇ ગયા, તે પોતાના માબાપને કેટલું માન આપતા હતા, તેનાં કંઇક ઉદાહરણ કહેવાશે.



પ્રકરણ ૪ થું.

મ્હોટા માણસનો માબાપપ્રત્યે ભક્તિભાવ.

માબાપની આજ્ઞા માનવી અને તેને રૂચે તેવી રીતે ચાલવું, એ બાળકોનું પહેલું અને અગત્યનું કામ છે. એવું આ જગત્‌નાં સર્વ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે, અને તે પ્રમાણે વર્તવાની રીતિ ઘણા જુના જમાનાથી ચાલી આવી છે.

દેસીયસ કરીને એક રાજા હતો. તેને એકવાર એમ લાગ્યું કે,—"હવે આપણે બૂઢા થયા, માટે આપણી ગાદી આપણા છોકરા દીસિયસને આપીએ કે એ એક ચિંતા દૂર થાય." પછી તેણે તેના રાજ્યાભિષેકની તૈયારી કરાવી, ત્યારે તે પુત્ર અત્યંત મર્યાદા સહિત બોલ્યો,—"હું રાજા થયા પછી પણ તમારો પુત્ર છું, એં કદાચિત ભૂલી જાઉં અને મ્હારે હાથે તમારૂં અપમાન થાય તે સારૂં નહિ, માટે મને તે મુદ્દલજ ન જોઇએ. રાજા થયો એમ કહેવરાવવા કરતાં પિતૃભક્ત પુત્ર કહેવરાવવાને હું વધારે પસંદ કરૂંછું. તમે મને જે આજ્ઞા કરો તે માથે ચ્હડાવી ચાલવાને હું તૈયાર છું."

લૉર્ડ લાંગદેલે પોતાની માતા વિષે એક વેળા કહ્યું હતું કે,—"કાંટાના એક પલ્લામાં મ્હારી માને બેસાડો ને બીજી બાજુ આખા જગત્‌ને બેસાડો તો મ્હારી મા વાળું પલ્લું

નીચે બેસશે ને આખા જગત્‌નું પલ્લું ઉંચે ચઢશે; મતલબ કે મ્હારી માતાવાળું પલ્લું ઘણુંજ ભારી થશે.” આ ઉપરથી તેની અપાર માતૃભક્તિ માલમ પડે છે.

થિબ્સ મધ્યે નામાંકિત યોદ્ધા ઈપામિનંદને એક વેળા કોઇએ પૂછ્યું કે,—તમારી આખી જીંદગીમાં તમને અત્યંત સંતોષ આપનારી વાત કયી છે?” તેણે ઉત્તર આપ્યો કે—“મ્હોટી લડાઇમાં મને ફતેહ મળી તે વધામણી સાંભળવાને મ્હારાં મા–બાપ હૈયાત હતાં, એ વાત મને સર્વથી ઘણી સંતોષકારક લાગી. તેથી વધારે મનગમતી બીજી એકે વાત બની નથી.”

પોલંડના રાજા પોલેસલ પિતાની છબી પોતાના ગળામાં હમેશ પહેરતો હતો, અને તેનેજ મ્હોટું ઘરેણું ગણતો હતો. કોઈ પણ એકાદ મ્હોટું કામ હાથ ધરતાં પહેલાં તે છબીને પગે લાગી બોલતો કે,—“પિતાજી! આપની કીર્ત્તિને ઝાંખપ આવે એવું કામ મ્હારે હાથે કરાવશો નહિ!”

શિકંદર બાદશાહ આપણા એશિયા ખંડમાં આવ્યો ત્યારે તેનું રાજ્ય પ્રકરણી સર્વ કામ જોનાર મેસેદોનિયા નામે અમલદાર તેના દેશમાં હતો. તેના તરફથી પત્ર આવ્યો કે રાજકાજના કામમાં માજી મહારાજ સાહેબે (આલિંપિયાસ શિકંદરની માએ) હાથ ઘાલવાથી કેટલીક અવ્યવસ્થા થઈ છે. માટે તેને તેમ નહિ કરવા સૂચના કરવી.” તે વાંચી શિકંદરે ઉત્તર આપ્યો કે,—“એ મ્હારાથી બની શકશે નહિ. આવા હજાર પત્ર પણ જો તું લખીશ તો મ્હારી માના આંસુના

એક ટીપાંથી નહિ જોવા થઇ જશે, તેની શું તને ખબર નથી?" મતલબ કે માનાં પ્રેમાંશ્રુનાં એક ટીપાં આગળ તારાં હજારો પત્રો રદ છે.

ઇંગ્લાંડનો પહેલો રાજા એડવર્ડ પાલેસ્ટાઇન ખાતે ધર્મ યુદ્ધ કરવામાં ગુંથાયો હતો. તે પ્રસંગે તેનો એકનો એક દીકરો અને તેનો બાપ ત્રીજો હેનરી એ બેઉ મરણ પામવાના સમાચાર તેને એક પછી એક થોડા વખતને અંતરે મળ્યા. પુત્રનું મરણ સાંભળી તેને સંતાપ થયો પણ મ્હોટું મન રાખી ગંભીરતાથી સહન કર્યું. પરંતુ પિતાના મરણ સમાચાર કાને પડતાંજ તેના કાળજામાં ફાળ પડી અને ન્હાના બાળકની પેઠે રડવા લાગ્યો. તે બનાવને કેટલાક દિવસ વિત્યા બાદ કોઈ ગૃહસ્થે યુક્તિપૂર્વક આ પ્રમાણે તફાવત પડયાનું પુછતાં તે રાજા બોલ્યો,—"પરમેશ્વર કૃપા કરશે તો મ્હારે ત્યાં બીજો દીકરો આવશે, પરંતુ બાપના મરણથી મને જે ખોટ ગઇ છે તે કદી પણ પૂરાવાની નથી."

સર થામસ મૂર નામે એક મહા પુરુષ ઇંગ્લાંડમાં થઈ ગયો. તેને લૉર્ડ ચાન્સેલરની પદ્વી મળી હતી અને તેનો બાપ મ્હોટી અદાલતમાં ન્યાયાધીશ નેમાયો હતો. સર થામસ મૂરનો એવો નિયમ હતો કે તે ન્યાયાસન પર બેઠો હોય ત્યાં જઇ પગે લાગે, તેના આશીર્વાદ લે અને પછી પોતાના અત્યંત મહત્વના કામ પર બેસે. મતલબ કે તેના મનની એટલી ખાતરી થઈ હતી કે પિતાના આશીર્વાદ મેળવ્યા વિના કોઇ પણ કામ સારૂં થવાનું નથી.

આપણા દેશમાં આવાં અનેક ઉદાહરણ બનેલાં હશે; પરંતુ તે બહુ સાંભળવામાં નથી આવતાં, એ દિલગીરીની વાત છે. રામાયણમાં દશરથના પુત્ર રામનું ચરિત્ર કેવું પવિત્ર છે? પિતાનું વચન પાળવા માટે સર્વ સુખની ઇચ્છા એક તરફ મૂકી, ચૌદ વર્ષ વનવાસ કરવાને કબૂલ થયા, આ વાત સાધારણ નથી. એના જેવાં બીજાં ઉદાહરણ થોડાંજ મળશે.

હમણાના ઇતિહાસમાં એક ન્હાની ઉમરની છોકરીનું ઉદાહરણ છે, તે અસાધારણ છેઃ—ભીમશિંગની કન્યા કૃષ્ણાકુમારીનું[1] ધૈર્ય અને તેની પિતૃ ભક્તિ કેવડાં મ્હોટાં! પિતાના રાજ્ય રક્ષણ માટે તે પ્રાણ આપવા તૈયાર થઇ ગઈ! તેણે પોતાનાં દુઃખી માતાને ઉત્તર આપતાં કહ્યું હતું કે,—

(શાર્દુલવિક્રીડિત.)

જેણે જન્મ દઈ અથાગ શ્રમથી, આપ્યાં સુખો પ્રીતથી,
કીધું લાલન પાલનાદિ સઘળું, તેના સમું કો નથી;
તેનું સંકટ ટાળવા સમરપું, આ દેહ મ્હારો કદી,
મ્હારૂં પુણ્યતરૂ[2] સુખપ્રદ[3] ફળ્યું, માનું નકી તે થકી. ૧
જાયું તેહ જશેજ આ જગતથી, રહેવાનું કોઇ નથી,
કોટી અબ્જ ગયાં જશે જન સહુ, તો શું રહું હું મથી;
દાદાના યશ રક્ષણે મરણને, રૂડું ગણું હું સદા,
આનંદપ્રદ[4] સૌખ્યદા[5] લગનથી, શંકા ન તેમાં કદા. ૨

---

૧. કૃષ્ણાકુમારીનું ચરિત્ર "આર્યા ચરિત્રાવલી" માં જુઓ.
૨. પુણ્યનું વૃક્ષ—ઝાડ. ૩. સુખ દેનારૂં. ૪. આનંદ દેનાર.
૫. સુખ દેનાર.

(ઉપજાતિ.)

મનુષ્ય તન આ કીર્તિ વધારું,
ગણું ન એથી કંઈ કૃત્ય સારું;
સુવાસ જોતાં કસતૂરિ આપે,
સુગંધિ સ્થાને નહિ કોઇ સ્થાપે. ૧
આપું પિતા દેવ સમાન માન,
જ્ઞાની ગુરૂનાં વચનો પ્રમાણ;
આજ્ઞા ઉલ્લંઘી[1] જીવવું નકામું,
માતા ! ન સ્વર્ગે કદિ મુક્તિ પામું. ૨
જે પ્રાણ આપે નિજ તાત કાજે,
તે પુત્ર પુત્રી સ્વર્ગે વિરાજે;
જીવ્યા તણું સાર્થક[2] તેનું થાએ,
બીજા જિવો કીટ[3] સમા ગણાએ. ૩

(શાર્દુલવિક્રીડિત.)

થાએ કીર્તિ મને તને સુખ મહા, શ્રી ભીમરાયા પ્રતી;
એવું મૃત્યુ થતાં કયું સુખ અહા ! માતા કહો મ્હા મતી.
ટાળી શોક તથા મનેજ વિસરી, નિત્યે પ્રભુને સ્મરી;
રે'જો સર્વે સુખી સદાય વિજયી, સંતોષ ભક્તિ ભરી. ૧

(વસંતતિલકા.)

આવે મને મરણ—સંકટ તાત ખાળે,
ના તાતજી દુખ કદી તિલમાત્ર બાળે;
એ દે મને વર દયા કર માત આજે,
આશીષ માત તણિ બાળક શ્રેય કાજે. ૧

---

૧. ઉથાપી. ૨. સફલ. ૩. કીડા.

આવી અનેક વાતો કહી શકાશે. મા-બાપની આજ્ઞા પાળવાથી થતા લાભનાં હજારો દૃષ્ટાંતો છે; પણ તેમનાથી નુકશાન થવાનું એકે ઉદાહરણ નથી. માબાપને હાથે છોકરાંનું અહિત થવું, એ નહિ બને તેવું છે. ચીનમાં કોઈ પણ છોકરો ગમે તેવો વિદ્વાન્ કે શ્રીમંત થાય, પરંતુ તેણે પિતાની આજ્ઞામાં રહેવુંજ જોઇયે એવો કાયદો છે. અને બાપ છોકરા વિષે કાંઈપણ ફર્યાદ કરે તો તે તુરત બહાલ રાખવામાં આવે છે ને તેના કશા સાક્ષી-પુરાવા માગવામાં આવતા નથી. મતલબ કે મા-બાપ છોકરાંનું બૂરૂં કરેજ નહિ, એવી ત્યાં પક્કી સમજણ અને ખાતરી છે.

કોઇએ પણ કરેલા ઉપકારનો બદલો વાળી આપવો, એ અગત્યનું કામ છે. પરંતુ વિચારી જોતાં સ્પષ્ટ જણાય છે કે, બાળકોપર માબાપના ઉપકાર અપાર છે. ત્યારે તે ઉપકાર વાળવો એ એક હેતુ, તેના કહેવા પ્રમાણે વર્તવાથી આપણું હિત થાય છે એ ખાતરીથી સમજી, સંપાદન કરવું એ બીજો હેતુ, અને તેને ખુશી રાખવાથી પરમેશ્વરની કૃપા મળે એ ત્રીજો હેતુ;—આ ત્રણ હેતુ નિરંતર મનમાં રાખીને અમારાં તરુણ વાંચનારાંઓએ અતિ સંતોષપૂર્વક માતા-પિતાની આજ્ઞામાં રહેવું અને પોતાનું આ લોક-પરલોકનું હિત સંપાદન કરી લેવું એવી પ્રાર્થના કરતાં આ વિષય સમાપ્ત કરૂંછું.

પ્રકરણ ૫ મુ.

માતપિતાના ઉપકાર.*

(ઇન્દ્રવિજય છંદ.)

માતતણા ઉપકાર બરાબર, અન્ય નહીં ઉપકારજ એકે.
માતતણી મમતાની બરાબર, અન્યતણી મમતા કુણ લેખે ;
માતતણા ઉપકારની કિંમત, રાજતણી રિધથી અધકી છે,
માતતણી મમતાતણી કીંમતથી, અવધી અવધી અવધી છે.૧

(કવિત.)

જેણે માત તાત તણો પ્રેમરસ પીધો નહીં,
પ્રભુ તણો પ્રેમરસ પીધો તે શા કામનો;
પ્રસન્ન કર્યાં ન માત તાતને પૂજન કરી,
રહ્યો ન આ દેહ પછી કોડી તણા કામનો.
મેળવ્યો ન ભાવ માત તાત તણો ભલી ભાતે,
કામનો ન ભાવ મળ્યો જગત તમામનો;
માતતાત પ્રસન્ન કર્યાં ન તેણે મેળવ્યો ન,
જગતમાં જીવી લાભ લૂટી રે બદામનો. ૨

જેણે માતતાત તણી પ્રાર્થના પ્રીતે ન ગાઇ,
પ્રભુ કેરી પ્રાર્થના જે ગાઇ તે ન ગાઇ છે;
ચાહી નહીં માતતાત તણી પૂજા ચિત્તમાંહી,
પ્રભુ તણી પૂજા ચિત્ત ચાહી તે ન ચાહી છે.

---

* "શ્રવણ પિતૃભક્તિ નાટક" માંથી.

જેણે માત તાત તણી આંતરડી ઠારી નહીં,
અન્ય તણી આંતરડી ઠારી તે ન-ઠારી છે;
ચાખી ન પ્રસાદી માત તાત તણી મન કરી,
પ્રભુની પ્રસાદી ચાહી ચાખી તે ન ચાખી છે. ૩

(વસંતતિલકાવૃત્ત.)

હે માત તાત ઉપકાર અમાપ કીધા,
પામું ન પાર શ્રમ જે મુજ માટ લીધા;
તેનો કદી ન બદલો દઇ તો શકૂં હું,
માતા પિતા તમતણો દીન દાસ હું છું. ૪

બાળાપણે હતું શરીર અપંગ જ્યારે,
પાળ્યો મને પરમ પ્રેમથી પોષિ ત્યારે;
દુઃખો અસહ્ય સહિ ખાંતથી, શું કહું હું?
માતા પિતા તમતણો દીન દાસ હું છું. ૫

સંભાળ એજ સમયે ક્ષણ કો કરે જો,
તેનો જીવિત સુધિ ના ગુણ કો ભુલે તો;
કોટીક કષ્ટ પડતાં ક્યમ એ ભુલું હું,
માતા પિતા તમતણો દીન દાસ હું છું. ૬

એવા તજી ન તમથી ક્ષણ દૂર જાઉં,
ભાવે જમાડી તમને અવશેષ ખાઉં;
પાદારવિંદ પૂજવા કદી ના ચુકૂં હું,
માતા પિતા તમતણો દીન દાસ હું છું. ૭

હે માત તાત તમને ચરણે નમીને,
દાસાનુદાસ દીન હું કહું વીનવીને;

ભક્તિ તમારી કરવા ચિતમાં ચહું છું,
માતા પિતા તમતણો દીન દાસ હું છું. ૮

પૂજી પ્રભુ પદ સમાં તમને સદાયે,
આજ્ઞા તમારિ નવ લોપિશ હું કદાયે;
સેવા તમારી કરવા નિમ હું લઊં છું,
માતા પિતા તમતણો દીન દાસ હું છું. ૯

(ગીતિવૃત્ત.)

શહાનશાહ પ્રતાપી, વ્યાપી કીર્ત્તિ અખંડ પૃથ્વીમાં;
દિન દિન પ્રતાપ વાધો, વિત્ત વિજય સુખ લહોજ વણ સીમા. ૧
જય જય જય જય થાઓ, ખંડે ખંડે સુરાજ્ય તવ જામો;
પ્રજા પ્રીતિને પામો, દેશહિતૈષિ કરો ઘણાં કામો. ૨
હે એડવર્ડ રાજન ! હિંદ પ્રજાપર સદા કૃપાળ રહો;
માતા વિજયા પેરે, આયુષ યશ ને અનંત લાભ લહો. ૩

સમાપ્ત.

મુમ્બઇથી સુપ્રસિદ્ધ કવિશ્રી કહાનજી-ભાઇ ધર્મસિંહ લખે છે કે—

(કવિત—મનહર.)

રાવળ શ્રી હિરાલાલ, ધરિ બાળ પ્રત્યે વ્હાલ;
" બાળ સદ્બોધ રત્ન, " લેખ લખ્યો સારો છે;
માત તાત ભક્તિભાવ, નીતિ રીતિ તણો લ્હાવ;
શુદ્ધ પ્રેમનો પ્રભાવ, પ્રાણ થકી પ્યારો છે;
વાંચે રાચે બાળ બહુ, માત-તાત-ભ્રાત સહુ,
એવો ઉપયોગી શ્રમ, સફળ તમારો છે;
શિક્ષક તમો સમાન, લખે લેખ દઇ ધ્યાન,
વધે બાળ જ્ઞાન, કાન એ ખરો સુધારો છે. ૧

તૈયાર છે.

સદ્‌ગુણી હેમંતકુમારી.

સંસાર સુધારાની સુબોધક વારતા.

(ખાસ સ્ત્રી મંડળને માટે.)

શ્રીમંત ગાયકવાડ સરકારના કેળવણી ખાતાના મહેરબાન ડિરેક્ટર સાહેબે ઈનામ માટે મંજુર કરેલી છે.

હિરા, મોતી, અને સુવર્ણ આદિના અલંકારોથી શરીર શણગારવું તેના કરતાં વિદ્યા અને સદ્‌ગુણાલંકારથી સુશોભિત થવું એ વિશેષ ઊત્તમ છે. (લૉર્ડ રે).

સુપ્રસિદ્ધ વિદ્વાન્, પ્રોફેસર આનન્દશંકર ધ્રુવ, એમ. એ., એલ. એલ. બી. લખે છે કે—"લૂણાવાડા–લેડી રે ગર્લ સ્કૂલનાં હેડ મિસ્ટ્રેસ સૌ૰ કૃષ્ણાગૌરી રાવળ–વિરચિત આ પુસ્તક સ્ત્રીકેળવણી તરફ બહુ રુચિ ઉત્પન્ન કરે એવું છે. એમાં સંસાર સુધારાની એક ન્હાની વારતા છે. સ્થળે સ્થળે બોધક કવિતાઓ છે, તથા સાધારણ સ્ત્રીઓ સમજી શકે એવા વિવિધ સ્ત્રીઉપયોગી અને સ્ત્રીકેળવણીને અનુકુળ નિબન્ધો છે. આ પુસ્તકમાં ઘણું કરી કોઇ પણ પ્રકારના દુરાગ્રહ વિનાના અને સર્વને ગ્રાહ્ય થાય એવા સુધારાના ઉપદેશો જોઈ અમને અતિવ સન્તોષ ઉપજે છે. ભાષા સરલ, સાદી, સ્વચ્છ, લલિત અને મનોહર છે. આ પ્રસંશાના વિશેષણોની યથાર્થતા પુસ્તક વાંચી જોવાથી સમજાશે. આવાં પુસ્તકોની આપણા સાહિત્યમાં હજી બહુ જરૂર છે". (સુદર્શન પુ. ૧૫ અંક ૧૨.)

—:૦:—

પ્રોફેસર દવેનો અભિપ્રાય.

I have read the Manuscript of the Sadguni Hemant Kumari given to me by Mr. Hiralal Vidyaram Raval, First Assistant Master Lunawada, Taluka School and am of opinion that it will support the cause of Female Education and Social Reform, by its discourses on the various current topics. The story is written in a readable style, and is likely to be instructive to the average general reader. As a first attempt by a female, it deserves encouragement.

LUNAWADA, *3rd October* 1898.

Sd./ K. S. DAVE, M.A. LL.B.
Professor, Gujarat College,
Ahmedabad.

'સદ્ગુણી હેમંતકુમારી' નું પુસ્તક મિ. હિરાલાલ વિદ્યારામ રાવળે મ્હને વાંચવા આપેલું તે મ્હેં જોયું છે. મ્હારો અભિપ્રાય એવો છે કે તે પુસ્તકમાં સંસાર સુધારાના ચાલતા વિષયો ઉપર જે ચર્ચાઓ લખેલી છે તેથી સ્ત્રી-કેળવણીને તથા સંસારસુધારાના પક્ષને ટેકો મળશે. તે વાર્ત્તા વાંચી શકાય તેવી સરલ ભાષામાં લખાએલી છે ને સામાન્ય વાંચક વર્ગને બોધકારક થઈ પડવાનો સંભવ છે. એક સ્ત્રીના પ્રથમ પ્રયત્ન તરીકે તે ઉત્તેજનને પાત્ર છે.

કાશીરામ સેવકરામ દવે,
એમ એ., એલ એલ., બી.,
પ્રોફેસર, ગુજરાત કૉલેજ, અમદાવાદ.

I have read some passages from Sadguni Hemant Kumari and found them interesting. The book is written by a female and on that account alone deserves encouragement. But I feel sure that it will be widely circulated as being instructive and amusing to girls and boys and written in a simple style with here and there a sprinkling of pretty stanzas.

The fact that the authoress has received a hearty co-operation of her husband Mr. Raval and freely acknowledged it shows how usefully and therefore happily an educated couple can pass their leisure hours. Both of them are residents of Lunawada and are at present serving in the educational department of this state. I shall certainly be pleased to see their example imitated by boys and girls of Lunawada.

LUNAWADA, *23rd May* 1900.

Sd./ DOLATRAM, K. P.
DEWAN,
Lunawada State.

લુણાવાડા સ્ટેટના દિવાન સાહેબ અને કવિશ્રી દોલતરામ કૃપારામ પંડયા ઉત્તમ ગ્રંથકાર, (નંબર ૮૪ થી) લખે છે કે.--

" સદ્ગુણી હેમંતકુમારી "માંથી કેટલાએક ફકરા મ્હેં વાંચ્યા છે. અને તે મ્હને રમુજી માલુમ પડયા છે. આ પુસ્તક એક સ્રીથી લખાએલું છે. અને તેથી તે ઉત્તેજનને પાત્ર છે. પુસ્તકની ભાષા સરલ, અને તેમાં સ્થળે સ્થળે છૂટક કવિતાઓ ગોઠવેલી છે. આ વારતા છોકરાઓને તેમ કન્યાઓને આનંદ સાથે બોધ આપનારી છે. મ્હને ખાત્રી છે કે તેનો બહોળો ફેલાવો થશે. ગ્રંથકારને તેમના પતિ મિ૦ રાવળ તરફથી મદદ મળેલી છે. અને તેઓ તે ખુલ્લી રીતે સ્વીકારે છે. એ બીના ઉપરથી એક કેળવણી પામેલું જોડું (દંપતિ) કેવી ઉપયોગી રીતે, અને સુખ શાન્તિમાં ફુરસદનો વખત નિર્ગમન કરી શકે તે જણાઈ આવે છે. તેઓ બંને લુણાવાડાનાં રહીશ છે, અને આ 'રાજ્યના કેળવણી ખાતામાં નોકરી કરે છે. લુણાવાડાના છોકરાઓ, અને છોકરીઓને તેમના દાખલાનું અનુકરણ કરતાં જોઈ મ્હને ખરેખર આનંદ થશે.'

લુણાવાડા,	**દોલતરામ કૃપારામ પંડયા,**
તા૦ ૨૩-૫-૧૯૦૦.	દિવાન, લુણાવાડા સ્ટેટ.

(ઇંદ્રજીતવધ કાવ્ય, કુસુમાવલી, સુમન ગુચ્છ, અને અમરસત્ર નાટક વગેરેના કર્ત્તા.)

THE SHAHI BAGH,
Ahmedabad, 5th August 1901.

DEAR MRS. RAVAL,

Many thanks for your book. I have had it read by one or two people and they think it very good of its kind. Will you send me 6 more copies for which I send Rs. 5. You should send a copy through Your Deputy Inspector to the Prize-Book Committee to have it reviewed with a view to making it available for prizes in Schools.

Yours very truly,
Sd./ HELEN E. LELY,

ઉત્તર વિભાગના મહેરબાન રેવિન્યુ કમિશનર સાહેબ બહાદુરનાં પત્ની માનવન્તાં મિસિસ લેલી લખે છે કે.—

શાહીબાગ.

અમદાવાદ; તા૦ ૫-૮-૧૯૦૧.

પ્રિય મિસિસ રાવળ,—

તમારા પુસ્તક માટે તમને અતિ ધન્યવાદ આપુંછું. મ્હેં તે એક બે માણસો પાસે વંચાવ્યું છે. અને તેઓ આવી પ્રકારના પુસ્તકોમાં તમારા પુસ્તકને ઘણું સારૂં ગણે છે. હું રૂપિઆ પાંચ મોકલું છું. તેની વધારે ૭ પ્રતો મ્હને મોકલાવી આપશો. શાળાઓમાં ઈનામ તરીકે તેનો ઊપયોગ થવા માટે આ પુસ્તકની એક નકલ તમારા ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેકટર મારફતે ઈનામ પુસ્તક કમીટી તરફ મોકલાવશો.

તમારી અતિ શુભેચ્છક,

હેલન. ઇ. લેલી.

સંસાર સુધારાના અને કેળવણીના સત્કાર્યોને નિરંતર આશ્રય આપવા ઉત્સાહી સૂજ્ઞ ગૃહસ્થ-મહેરબાન **રાવબહાદુર લાધાભાઈ હરજીવન,** રેવાકાંઠાના ડે આસ. પોલીટીકલ એજન્ટ સાહેબે આ પુસ્તક માટે પોતાનો સન્તોષ બતાવતાં યોગ્ય ઉત્તેજન આપવા કૃપા કરી છે. એ પ્રમાણે તેઓ સાહેબનો ઉદાર આશ્રય ચાલુ રહેશે એવી આશા રાખવામાં આવે છે.

રાજપીપળા સ્ટેટના લોકપ્રિય દિવાન સાહેબ ખાન બહાદુર ધનજીશા એદલજી લખે છે કે—" સદ્‌ગુણી હેમંત કુમારી " નામના પુસ્તકની (૨૫) પચીશ પ્રતો અમારા તરફ મોકલી આપશો. સાથે કિમ્મતનુ બીલ પણ મોકલશો.

તા૦ ૨૮ એપ્રિલ સન ૧૯૦૩ ".

તે ઉપરાન્ત સરકારી રીપોર્ટરે, મુંબઈના સુપ્રસિદ્ધ કવિશ્રી કહાનજી ધર્મસિંહ, ' અરૂણોદય ' ના તંત્રી હરિપ્રસાદ ભવાનીભાઈ દેશાઈ, બી. એ., એલ એલ. બી. મી૦ મગનભાઈ માધુભાઈ બી. એ., એડમિનીસ્ટેટર રા. બા. કૃપાશંકર ભગવાનજી, પ્રસિદ્ધ વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિન્દજી જેવા વિદ્વાનોએ, ' વાર્તા વારિધિ ', 'ઉદીચ હિતેચ્છુ', વગેરે માસિક, અને ' હિતેચ્છુ ' વગેરે વર્તમાન પત્રોએ ઉત્તમ અભિપ્રાય આપ્યા છે.

કેળવણી ખાતાના વિદ્વાન્ અને ઉત્સાહી લેખક ખાન બહાદુર કરમઅલી રહીમ નાનજીઆણી બી એ., પોતાનો સન્તોષ જાહેર કરતાં છેવટે લખે છે કે, "**સ્ત્રીઓને માટે આ અમૃતનો પ્યાલો છે** ".

કિમ્મત બાર આના, વી. પી. પોસ્ટેજ બે આના.

સ્ત્રી-શિક્ષકોનું પોષ્ટેજ માફ.

—**સૌ૦ કૃષ્ણાગૌરી, એચ. રાવળ.**

હેડ મિસ્ટ્રેસ-લેડી રે ગર્લ સ્કૂલ,

લુણાવાડા—રેવાકાંઠા.

સ્વચ્છતા.

કિમ્મત ચાર આના.

આ પુસ્તક મુમ્બઈ ઇલાકાના કેળવણી ખાતાના મહેરબાન ડિરેકટર સાહેબ બહાદુરે તથા શ્રીમંત ગાયકવાડ સરકારના મહેરબાન વિદ્યાધિકારી સાહેબે શાળાઓમાં ઇનામ વહેંચવા મંજુર કરેલું છે. ટુંક મુદતમાં બે આવૃત્તિ ખપી જવાથી હમણાં ત્રીજી આવૃતિ છપાવી તૈયાર કરી છે. તે ઉપરથી આ પુસ્તક કેટલે દરજ્જે ઉપયોગી થઈ પડેલું છે, તે સહજ સમજી શકાય છે.

છગનલાલ વિદ્યારામ રાવળ,
સ્કૂલ માસ્તર, લાછરસ,
તાલુકે નાંદોદ—રેવાકાંઠા.

નવાં અને ઉપયોગી પુસ્તકો.

ચોરાશી આસન—હઠયોગનાં ૧૦૦ સુંદર ચિત્રો, મંત્ર, પ્રક્રિયા તથા સહેલી સમજ સાથે ગુજરાતી હરફે ખાસ વિલાયતમાં છપાવી ૩ સોનેરી નામવાળાં સુશોભિત પુંઠામાં બંધાવી તૈયાર કર્યું છે. રૂ. ૧ાા પો. ૦)=

સત્સંગ શિરોમણી—કબીર, કંથડ, ખાલસ, ગેબીનાથ, ગોરખ, ચિદાનંદ, જફર, તાનસેન, મૌલાબક્ષ, દાદુ, નઝીર, નાનક, ભોજલ, મછંદર, રાજસમુદ્ર, વગેરે ૨૨૫ ભક્તરાજોએ રચેલાં ૭૨૫ પદોનો સંગ્રહ, લિપિ ગુજરાતી, મોટા કદનાં પાનાં ૩૨૦ પુંઠું વિલાયતી ૪ સોનેરી નામવાળું. રૂ. ૨) પો. ૦)≈

ચમત્કારિક દૃષ્ટાંતમાળા—ગમ્મત સાથે જ્ઞાન (ધર્મ-અર્થ-કામ-મોક્ષ) આપનારી ૧૦૮ રસિક વાતો. ઉત્તમ રહસ્ય સહિત. મોટા કદનાં પૃષ્ઠ ૨૬૫, હરફ ગુજરાતી, પુંઠું વિલાયતી ૩ સોનેરી નામવાળું. રૂ. ૧ાા પો. ૦)=

સુબોધક નીતિકથા—ઝાડ, પાન તથા પ્રાણી પદાર્થોને લાગુ પાડી ખાસ રચેલી ૧૭૫ ન્હાની બાળ બોધક રસીક વાતો. પાનાં ૧૫૦ રૂ. ૦ાા પો. ૦)-

છોટમ કાવ્ય—ઘણી ઉપયોગી રસિક ગરબા, પદ, છંદ, ઇત્યાદિ. રૂ. ૦ા પો. ૦)ા

શ્રીકૃષ્ણ સંધ્યા—વૈષ્ણવોપયોગી ત્રણે કાળનું નિત્યકર્મ, કૃષ્ણ શરણાષ્ટકનો પાઠ, બ્રહ્મ સંબંધ, યમુના, વિજ્ઞપ્તિ—ઇત્યાદિ સાથે. રૂ. ૦ા પો. ૦)ા

આર્ય મહિલાવલી—કાન્તા, કમળા, સીતા, તારા, મીરાં, ચંદા, ચનબા, ચંદ્રપ્રભા, ઝાંસીની રાણી, ઈ. ૪૯ શુરી સતીઓના રસીક ચરિત્રો વાર્તારૂપે. રૂ. ૦॥। પો. ૦)~

રામરસ—શ્રીરામચંદ્રજીની ભક્તિનાં પદો. રૂ. ૦)=

શૈલસુતા સ્તોત્ર—રૂ. ૦)॥ વશીકરણ વિદ્યા—૦)=

સંતોષ શતક—રૂ. ૦। અધ્યાત્મ પ્રકાશ—રૂ. ૦॥=

અનુભવ પ્રકાશ—રૂ. ૦। પરાશર સંહિતા—રૂ. ૧

દીવાળી.—રૂ. ૦)॥ અધ્યાત્મ ભજનમાળા—રૂ. ૧॥

કન્યા વિક્રય—રૂ. ૦)= જીવન સાફલ્ય—રૂ. ૧॥

સાહિત્ય સંગ્રહ—રૂ. ૧। શિવ વિવાહ—રૂ. ૦।

२९ રણવીરસિંહ—રૂ. ૧ પ્રબોધ ભારત—રૂ. ૦॥

કહાન કાવ્ય—રૂ. ૧).

ઈ. ઈ. અનેક ગ્રંથો મળવાનું ઠેકાણું:—

કહાનજી ધર્મસિંહ,

તાડદેવ, જ્યુબિલી બાગ—મુંબઈ.

